# અરવલ્લીમાં ઉનાળા પુર્વે હેન્ડપંપ ખોટકાવા લાગ્યા : દૈનિક ૫૦ થી વધુ હેન્ડપંપ બંધ હોવાની ફરીયાદો

## હેન્ડપંપ રીપેરીંગ માટે વિભાગ દ્વારા ટીમો કામે લગાડાઈ

બાયડ, (બ્યુરો ઓફિસ)તા.૧૮

ઉનાળા પૂર્વે નદી, તળાવ અને ચેકડેમ સૂકાભઠ્ઠ બની ગયા છે. ભૂગર્ભ જળ ઉંડા ઉતર્યા હોય તેમ સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં અત્યારથી હેન્ડપંપ પાણી વિના ખોટકાવા લાગ્યા છે. બંને જિલ્લામાં સરેરાશ ૫૦ હેન્ડપંપ બંધ હોવાની ફરીયાદો સામે આવતા પાણી પુરવઠા વિભાગ દ્વારા તાબડતોબ હેન્ડપંપ રીપેરીંગ માટે ટીમો દોડતી કરાઈ છે. હજુ તો ઉનાળો શરૂ થયો નથી ત્યાં ભૂગર્ભ જળની સપાટી ઉંડી જવાથી હેન્ડપંપ પાણી છોડતાં હોવાની ફરીયાદો વધતાં આગામી ઉનાળામાં પીવાના પાણીની સમસ્યા વિકટ બનવાના અણસાર છે. સરકાર જલ સે નલ યોજના ના માધ્યમથી દરેક પરિવારોને પીવાનું શુદ્ધ પાણી પ્રાપ્ત થાય તે માટે પ્રયત્નશીલ છે પરંતુ ગામડાંની પ્રજા માટે નળ નહિ પરંતુ હેન્ડપંપ પાણીનો મુખ્ય આધાર છે જેથી તંત્ર દ્વારા હેન્ડ પંપ બંધ હોવાની ફરીયાદ મળે તો તાત્કાલિક રીપેરીંગ ટીમોને મોકલી આપી પાણીની સમસ્યાને હલ કરવાના પ્રયાસ શરૂ થયા છે.

દર વર્ષે જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં પીવાના પાણીના આગોતરા આયોજનો છતાં પાણી-પાણીના પોકારો સાંભળવા મળતા હોય છે. આ વર્ષે ગત ચોમાસામાં સાર્વત્રિક વરસાદના કારણે નદી, તળાવ અને ચેકડેમ પાણીથી જળતરબોળ થઈ જતાં ચોમાસા અને શિયાળાની સીઝનમાં સિંચાઈ તેમજ પીવાના પાણીની સમસ્યા આપોઆપ હલ થઈ જતી પરંતુ હવે આકારા ઉનાળામાં પાણીની સમસ્યા વિકટ બનવાના અણસાર છે. બંને જિલ્લામાં નદી, તળાવ અને ચેકડેમ તળીયે ઝાટક થયા છે. ઉનાળો હજુ શરૂ થયો નથી ત્યાં મોટા જળાશયોમાંથી પાણીની સપાટી સતત ઘટી રહી છે. જળાશયોમાં પાણીનો સંગ્રહ જોઈ સરકારી તંત્ર આગામી ઉનાળામાં પાણીની કોઈ ચિંતા ઉભી નહિ થાય તેવું જણાવી રહ્યું છે પરંતુ ૩૦૦થી વધુ ચેકડેમ તળીયા ઝાટક થઈ ગયા પછી તળાવો સૂકાવા લાગ્યા છે. પાણીના તળ હવે નીચા જતાં પાણી પૂરૂં પાડતા હેન્ડપંપ ડચકાં ખાવા લાગ્યા છે. ઉનાળા પૂર્વે હેન્ડપંપ પાણી છોડવા લાગતાં પાણી પુરવઠા વિભાગ દ્વારા ૨૦થી પણ વધુ ટીમોને હેન્ડપંપ રીપેરીંગ માટે દોડતી



કરવામાં આવી છે. જિલ્લામાં હાલ ૫૦ થી પણ વધુ હેન્ડપંપ બંધ હોવાની ફરીયાદો પાણી પુરવઠા વિભાગને મળી રહી છે જેમાં વિભાગ દ્વારા તાત્કાલિક ધોરણે રીપેર કરવામાં આવી રહ્યા છે પરંતુ જે રીતે પાણીના તળ ઉંડા ગયા પછી હેન્ડપંપ ખોટકાવા લાગ્યા છે તે જોતાં આગામી સમયમાં પાણીનું સંકટ ઉભું થવાની દહેશત છે.

# દોલપુરા(સાઠંબા) ગામે શ્રીમંત કરૂણાસાગર મહારાજનો પ્રાગટ્ય મહોત્સવ ઉજવાયો




બાયડ, (બ્યુરો ઓફિસ)તા.૧૮

બાયડ તાલુકાના દોલપુરા(સાઠંબા) ગામે મહાસુદ બીજના દિવસે શ્રીમંત કરૂણાસાગર મહારાજીનો ૨૪૯મો બાલકુવર પ્રાગટ્ય મહોત્સવ ઉજવવામાં આવ્યો હતો. જેમાં સવારે પરમગુરૂ શ્રીમંત કરૂણાસાગર મહારાજની ભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવી હતી. જ્યારે સાંજના સમયે મહાબીજ ઉજવણીના દાતા અમૃતભાઈ નરસિંહભાઈ પટેલના પરિવાર તરફથી મહાપ્રસાદનું આયોજના કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે રાત્રે સાંસ્કૃતિક કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. દર વર્ષની જેમ આ વર્ષે પણ સત્ કેવલના શિષ્ય સમુદાય તેમજ યુવાનો દ્વારા બાલકુવર પ્રાગટ્ય દિવસની આસ્થા પૂર્વક ઉજવણી કરવામાં આવી હતી.

# તાલુકા પંચાયત ગાંભોઈની બેઠક પર ભાજપા તરફે કુલદીપસિંહ રાઠોડ મેદાને

ગાંભોઈ, તા.૧૮

જિલ્લા અને તાલુકા પંચાયત તેમજ નગરપાલિકાની ચૂંટણીના પડઘમ વાગતાં જ ચૂંટણીના વાતાવરણમાં હવે ધીમે ધીમે ગરમાવો જોવા મળે છે. હિંમતનગર તાલુકા પંચાયતના ચૂંટણી જંગમાં ગાંભોઈ-૯ બેઠક પર વર્ષોથી પ્રજાના લોકહિતના કાર્ય કરતા કુલદીપસિંહ દિગ્વિજયસિંહ રાઠોડ (શંભુ બાપુ)ને ભાજપે મેદાનમાં ઉતારતાં મતદારો સહિત ભાજપના કાર્યકરોમાં ભારે આનંદની લાગણી જોવા મળી છે. ગ્રામ્ય



વિસ્તારમાં સતત સંપર્કમાં રહી લોક વિકાસ અને સેવાકીય કાર્યો કરવામાં હંમેશા અગ્રેસર રહેનાર ભાજપા ઉમેદવાર કુલદીપસિંહ રાઠોડે ચૂંટણી જંગમાં ઝંપલાવતા ગાંભોઈ-૯ બેઠકના મુછનીપાળ, રાજપુર, ગાંભોઈ, વાવડી સહિત ગ્રામ્ય વિસ્તારોમાં એક સક્રિય કાર્યકર તરીકે ઉમેદવારની પસંદગી કરતાં તમામ સમાજના અગ્રણીઓ વિવિધ સમાજ, સંસ્થાઓ, આગેવાનો વગેરે તેમની ઉમેદવારીને આવકારી ભારે બહુમતીથી વિજય થાય તેવી શુભકામનાઓ પાઠવી છે.

# રાજેન્દ્રનગર ગોસ્વામી સમાજનું ગૌરવ

બાયડ, (બ્યુરો ઓફિસ)તા.૧૮

હિંમતનગર તાલુકાના રાજેન્દ્રનગરની પ્રિયંકા બચુગીરી ગોસ્વામીએ એગ્રીકલ્ચર યુનિવર્સિટી આણંદમાં અભ્યાસ દરમિયાન બી.એસસી. હોર્ટિકલ્ચર વિભાગની પરીક્ષા ઉત્તિર્ણ કરી ગોલ્ડ પ્લેટેડ સિલ્વર મેડલ મેળવતાં સમગ્ર પંથકમાં આનંદ છવાયો છે. ગોસ્વામી પરિવારની તેજસ્વી છાત્રાએ યુનિવર્સિટી કક્ષાએ ગૌરવ વધારતાં ગોસ્વામી સમાજના આગેવાનો, શુભેચ્છકોએ અભિનંદન પાઠવ્યા હતા.



# નેત્રામલી ખાતે મતદાર જાગૃતિ અભિયાન અંતર્ગત સિગ્નેચર કેમ્પઈનનું આયોજન

નેત્રામલી, તા. ૧૮

મતદાર જાગૃતિ અભિયાન અંતર્ગત ઈડર તાલુકાના નેત્રામલી કલસ્ટરના ગામોમાં મતદાર જાગૃતિ અભિયાન અંતર્ગત ઈડર તાલુકાના નેત્રામલી કલસ્ટરના ગામોમાં સિગ્નનેચર કેમ્પઈન નું આયોજન કરવામાં આવેલ હતું. આયોજન મુજબ દરેક ગામોમાં મતદારોમાં જાગૃતિ આવે તે માટે જાહેરાત કરવામાં આવી હતી. અને તા. ૧૮-૦૨-૨૦૨૧ના રોજ દરેક ગામોમાં જાહેર સ્થળો ઉપર કોવિડ -૧૯ની ગાઈડ લાઈન મુજબ સોસીયલ ડિસ્ટસિંગ જાળવી મતદારોને ગામના જાહેર સ્થળો ઉપર એકઠા કરી મતદાન કરવા માટે શપથ લેવડાવી ઉપસ્થિત તમામ મતદારોની સહીઓ જાગૃતિ લાવવા માટે પ્રયાસ કરવામાં આવ્યા હતો. સમગ્ર કાર્યક્રમ નું આયોજન રાકેશકુમાર ડી. પટેલ, સી.આર.સી. નેત્રામલી તથા કલસ્ટરના શિક્ષકો દ્વારા કરવામાં આવ્યું હતું.

કેમ્પઈન નું આયોજન કરવામાં આવેલ હતું. આયોજન મુજબ દરેક ગામોમાં મતદારોમાં જાગૃતિ આવે તે માટે જાહેરાત કરવામાં આવી હતી. અને તા. ૧૮/૨/૨૧ના રોજ દરેક ગામોમાં જાહેર સ્થળો ઉપર કોવિડ -૧૯ની ગાઈડ લાઈન મુજબ સોસીયલ ડિસ્ટસિંગ જાળવી મતદારોને ગામના જાહેર સ્થળો ઉપર એકઠા કરી મતદાન કરવા માટે શપથ લેવડાવી ઉપસ્થિત તમામ મતદારોની સહીઓ જાગૃતિ લાવવા માટે પ્રયાસ કરવામાં આવ્યા હતો. સમગ્ર કાર્યક્રમ નું આયોજન રાકેશકુમાર ડી. પટેલ, સી.આર.સી. નેત્રામલી તથા કલસ્ટરના શિક્ષકો દ્વારા કરવામાં આવ્યું હતું.




# મોડાસા : લૉ કૉલેજના વિદ્યાર્થીઓને જિલ્લા કૉર્ટની મુલાકાત લીધી

## પ્રત્યક્ષ કાયદાના પાઠ શીખ્યા

મોડાસા, તા. ૧૮

મોડાસાની શ્રી એન. એસ. પટેલ લૉ કૉલેજના વિદ્યાર્થીઓએ અરવલ્લી જિલ્લા ન્યાયાલય ની મુલાકાત કરી લીધી હતી. કૉરોના વાઈરસની મહામારી બાદ રાજ્ય સરકારે કૉલેજ શરૂ કરવાની મંજૂરી આપ્યા બાદ મોડાસાની વિવિધ કૉલેજ શરૂ થઈ ચૂકી છે, આ વચ્ચે કાયદાનો અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને પ્રત્યક્ષ જ્ઞાન મળી રહે તેવા હેતુથી લૉ કૉલેજના વિદ્યાર્થીઓને જિલ્લા ન્યાયાલયની મુલાકાત કરાવવામાં આવી હતી.




અરવલ્લી જિલ્લાની કૉર્ટમાં કાર્યવાહી શરૂ થઈ ગઈ છે આ વચ્ચે લૉ કૉલેજના વિદ્યાર્થીઓને જરૂરી માર્ગદર્શન મળી રહે તે માટે શ્રી.એન.એસ.પટેલ લૉ કૉલેજના વિદ્યાર્થીઓને મોડાસાની ડિસ્ટ્રીક્ટ કૉર્ટની મુલાકાત માટે લઈ જવાયા હતા. આ મુલાકાત દરમિયાન વિદ્યાર્થીઓને કૉર્ટની કામગીરી અંગે વાકેફ કરાયા હતા. હાલમાં જ જિલ્લા નવીન શરૂ કરાયેલ ચાઈલ્ડ કૉર્ટની મુલાકાત કરાવીને જાણકારી આપવામાં આવી હતી. લૉ કૉલેજના પ્રથમ, દ્વિતિય અને તૃતિય સેમિસ્ટરના વિદ્યાર્થીઓને ફેમિલી કૉર્ટના ન્યાયાધીશ દ્વારા જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. કૉર્ટની મુલાકાત માટે વિશેષ આયોજન આચાર્ય રાજેશ વ્યાસ દ્વારા કરાયું હતું, તો વિદ્યાર્થીઓને કૉર્ટ પરિસરમાં પ્રો.ડૉ. અશોક શ્રોફ તેમજ પ્રો. ડૉ. સોનિયા જોષી દ્વારા માહિતગાર કરાયા હતા.

### શૈક્ષણિક ગુણવત્તા સુધારણા અંતર્ગત

# વિજાપુરના લાડોલ સી.આર.સી.ની ૧૦ શાળાઓમાં સજ્જતા વર્ધક પ્રોજેક્ટ શરૂ કરવામાં આવ્યો

મહેસાણા, તા. ૧૮

કોરોનાની મહામારીને કારણે ધોરણ ૨થી૮ના વિદ્યાર્થીઓ માટે હોમ લર્નિંગથીશૈક્ષણિક કાર્ય ચાલે છે ત્યારે મહેસાણા જિલ્લાના વિજાપુર તાલુકાના લાડોલ સી.આર.સી.ની ૧૦ સરકારી પ્રાથમિકશાળાઓ દ્વારા ધોરણ ૨થી૮ના ૧૭૪૬ વિદ્યાર્થીઓનું શૈક્ષણિક કાર્ય ટી.વી.,લેપટોપ, કમ્પ્યૂટર, ટેબલેટ, એન્ડ્રોઈડ મોબાઈલ ફોન વગેરે જેવીઉપલબ્ધ ડિજિટલ સામગ્રી દ્વારા અને ડીડી ગિરનાર શૈક્ષણિક કાર્યક્રમો, વર્ચ્યુઅલ ક્લાસ, શેરી શિક્ષણ તેમજ વિદ્યાર્થીઓના ઘરે રૂબરૂ મુલાકાત લઈને પ્રથમ સત્રના પ્રારંભથી જ શરૂ કરવામાં આવ્યું છે દ્વારાજુલાઈ માસથી જ સતત મૂલ્યાંકન પણ થઈ રહ્યું છે. શિક્ષકો દ્વારા વિદ્યાર્થીઓ અને વાલીઓને રોજે રોજ ફોન કરી માર્ગદર્શન પણ આપવામાં આવી રહ્યું છે ત્યારે આ સમગ્ર કાર્યને વધુ અસરકારક બનાવવા તેમજ વિદ્યાર્થીઓને

**નાયબ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી પુલકિતભાઇ જોશીએ સજ્જતાવર્ધક કેન્દ્રની મુલાકાત કરી શિક્ષકોને પ્રોત્સાહિત કર્યા**

ગુણવત્તાલક્ષી શિક્ષણ આપવાના હેતુસર જિલ્લા વિકાસ અધિકારી હોમ લર્નિંગ અંર્તગત લાડોલ ક્લસ્ટરની ૧૦ પ્રાથમિક શાળાઓ દ્વારા ગામના વિવિધ મહોલ્લા, ખુલ્લા પરિસર અને શેરીઓમાં ૧૬૫ સજ્જતા વર્ધક કેન્દ્રો શરૂ કરવામાં આવ્યા છે.દરેક ધોરણના વિદ્યાર્થીઓને ૧૦ થી ૧૨ની નાની નાની ટુકડીઓમાં વિભાજિત કરવામાં આવ્યા છે.દરેક સજ્જતા વર્ધક કેન્દ્રમાં ૧૦થી૧૨ વિદ્યાર્થીઓની એક ટુકડી એ મુજબ પ્રત્યેક ધોરણ માટે અલગ અલગ બેઠક વ્યવસ્થા સોશ્યલ ડિસ્ટન્ટ,માસ્ક અને અન્ય તમામ જરૂરી સુવિધાઓ સાથે ઉભી કરવામાં આવી છે.

સજ્જતા વર્ધક કેન્દ્રો માટે સમયપત્રક બનાવી ક્લસ્ટરના ૭૫




વિદ્યાર્થીઓના ડિજિટલ લર્નિંગ માટે ૫૮ વૉટ્સએપ ગ્રુપ બનાવી ૫૪ શિક્ષકો દ્વારા તેમને રોજે રોજ જરૂરી શૈક્ષણિક સામગ્રી, શૈક્ષણિક વીડિયો, પ્રવૃત્તિઓવગેરે કલસ્ટર લેવલેથી અને શાળા કક્ષાએથી આપવામાં આવી રહ્યા છે. લાડોલ કલસ્ટર ક્ક્ષાએથી જ ધોરણ ૩થી૮ ના ૧૫૧૫ જેટલા વિદ્યાર્થીઓનું વિવિધ વિષયોમાં ઓનલાઈન ડિજિટલ કસોટીઓ એમ.વાય. દક્ષિણીની પ્રેરણા અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી ડૉ. ગૌરાંગ વ્યાસ તેમજ નાયબ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી પુલકિત જોશીના માર્ગદર્શન હેઠળ લાડોલ કલસ્ટરની ૧૦ શાળાઓના ધોરણ ૧થી૮ના ૧૯૬૬ વિદ્યાર્થીઓ માટે સજ્જતા વર્ધક પ્રોજેક્ટ અમલમાં મૂકવામાં આવ્યો છે. રાજ્યમાં સૌ પ્રથમ અમલમાં મુકાયેલ આ નવતર પ્રોજેક્ટ હેઠળ શિક્ષકો દ્વારા રોજે રોજ વિદ્યાર્થીઓને શૈક્ષણિક કાર્ય કરાવવામાં આવી રહ્યું છે. પ્રત્યેક શિક્ષક દ્વારા રોજ અલગ અલગ કેન્દ્રો ઉપર ત્રણ તાસ લેવામાં આવે છે.પ્રત્યેક તાસ એક કલાકનો હોય છે. વિદ્યાર્થીઓની શૈક્ષણિક સજ્જતા વધારવા માટે શરૂ કરવામાં આવેલ આ સજ્જતા વર્ધક કેન્દ્રોની વિશેષતા એ છેકે, વિદ્યાર્થીઓનું નાના નાના ગ્રુપમાં સમયબદ્ધ શૈક્ષણિક કાર્ય શરૂ થઈ શક્યુ છે.

# પ્રાંતિજના સોલંકી પરિવારમાં લગ્ન પ્રસંગે પૂર્વ મુખ્યમંત્રીએ આપી હાજરી



## લગ્ન પ્રસંગે પૂર્વ મુખ્યમંત્રીએ હાજરી આપી : પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલા લગ્ન પ્રસંગમાં ઉપસ્થિત રહી દિકરીને આશીર્વાદ આપ્યા

પ્રાંતિજ તા.૧૮

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે રહેતા સોલંકી પરિવાર મા લગ્ન પ્રસંગે પૂર્વ મુખ્ય મંત્રી શંકરસિંહ વાઘેલા ઉપસ્થિત રહીને નવદંપતી ને આશીર્વાદ આપ્યા.

પ્રાંતિજ ખાતે રહેતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ મહામંત્રી રેખાબેન સોલંકી ના પુત્રી પ્રદેશ કોંગ્રેસ મહામંત્રી રેખાબેન સોલંકી ના દિકરી હિરલ ના લગ્ન પ્રસંગે ગુજરાત ના પૂર્વ મુખ્ય મંત્રી શંકરસિંહ વાઘેલા ઉપસ્થિત રહ્યા હતા તો તેવોઓ જણાવ્યુ હતુ કે વષો જુના સંબંધો ને લઈને આજે હુ દિકરી ને આશીર્વાદ આપવા માટે આવ્યો છુ.

# ડીસાની ગોઢા ફાટક નજીકથી પાડા ભરેલું જીપ ડાલું ઝડપાયું

ડીસા, તા. ૧૮

ડીસા તાલુકાની ગોઢા ફાટક નજીકથી વહેલી સવારે પશુઓને ખીચોખીચ બાંધીને લઈ જતું પીકઅપ ડાલું ઝડપાયુ હતું. વહેલી સવારે સ્થાનિક વેપારી અને તેમના મિત્રો ચોક્કસ બાતમી આધારે ગોઢા ફાટકથી બાતમીવાળા પીકઅપ ડાલાનો પીછો કર્યો હતો. જે બાદમાં થોડેક દૂર પીકઅપ ડાલું ઝડપી પાડી તેમાં તલાશી લેતાં ચોંકી ઉઠ્યા હતા. ડાલામાં ત્રણ જીવતાં પાડા ભરેલા હોઈ અને તેમના માટે કોઈ પાણી કે ઘાસચારાની વ્યવસ્થા કરેલ ન હોવાનું ખુલ્યુ હતુ. ઘટનાને લઈ ડીસા રૂરલ પોલીસે એક ઈસમ સામે ફરીયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી છે. બનાસકાંઠા જીલ્લાના ડીસા પંથકના દામાથી કુપટ ગામ વચ્ચેથી પશુઓ ભરેલ પીકઅપ ડાલું ઝડપાયુ છે. વહેલી સવારે દાંતીવાડાના હિમાલયકુમાર માલોસણીયા, ગુંદરીના નમનભાઈ પુરોહિત, પાંથાવાડાના મનિષભાઈ ભાટ અને સુરેશ ચૌધરી સહિતના લોકો ચોક્કસ બાતમી આધારે વોચમાં હતા. આ દરમ્યાન ગોઢા ફાટકથી બાતમીવાળું ડાલું નીકળતાં તેમણે તેનો પીછો કરી દામાથી કુપટ નજીક તેને રોકી તલાશી લેતાં અંદર ખીચોખીચ હાલતમાં જીવતા ત્રણપાડા મળી આવ્યા હતા. સૂત્રોએ જણાવ્યું હતુ કે, ફરીયાદ મુજબ આ પશુઓને કતલખાને લઈ જવામાં આવતાં હોવાની શક્યતા સેવાઈ રહી છે. વહેલી સવારે જીવદયાપ્રેમીઓએ ચોક્કસ બાતમી આધારે વોચ ગોઠવી ઝડપેલાં ડાલામાંથી ત્રણ જીવતાં પાડા મળી આવ્યા હતા. આ સાથે ડાલામાં તપાસ કરતાં પશુઓ માટે કોઈ ઘાસચારા કે પાણીની વ્યવસ્થા કરેલ ન હોવાનું ખુલ્યુ હતુ. આ તરફ ચાલક રાણાભાઈ અમરાભાઈ ચૌહાણ, રહે.વાડીયા, તા.થરાદને ઝડપી પાડી પોલીસને સોંપવામાં આવ્યો હતો. આ સાથે ૩ પાડાની કિ.રૂ.૪,૫૦૦ અને પીકઅપ ડાલાની કિ.રૂ.૩,૦૦,૦૦૦ નો મુદ્દામાલ ઝડપી પાડ્યો છે. પોલીસે ઈસમ સામે આઈપીસી, મોટર વાહન અધિનિયમની કલમ અને પશુઓ પ્રત્યે ક્રુરતા પ્રતિબંધ અધિનિયમની કલમ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

**જીવદયા પ્રેમીઓ દ્વારા ૩ પશુને જીવતદાન**